૧૫૫૬૬-૯૫

<u>ક્રમાંક</u> : અનદ–૩/માધ્ય/ઉ.સ/૨૦૧૨/
કમિશનર, શાળાઓની કચેરી,બ્લોક નં.
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગુ.રા.
ગાંધીનગર.**તારીખ : ૩/ ૭/૨૦૧૨.**

**વંચાણે લીધા :– (૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક :રહમ–૧૦૨૦૦૯–૧૬૫૧–ક, તા.૫/૭/૨૦૧૧**
**(૨) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:બમશ–૧૦૧૧–૧૪૧૮–ગ, તા.૨/૧/૨૦૧૨**
**(૩) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: બમશ–૧૦૨૦૦૪–૨૦૭–ગ, તા.૪/૧૦/૦૫**
**(૪) શિ.વિ.ના પત્ર ક્રમાંક:બમશ/૧૦૧૧/૧૯૨૮/ગ, તા.૧૩/૬/૨૦૧૨**

**પરિપત્ર :–**

રાજ્ય સરકારે ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ – ૩ અને વર્ગ– ૪ ના કર્મચારી ઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણુંક આપવાની તા.૪/૧૦/૦૫ તથા સામાન્ય વહીવટ વિભાગ ના તા.૧૦/૩/૨૦૦૦ તથા ત્યારબાદના આનુષાંગિક ઠરાવો રદ કરી,ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ– ૩ અને વર્ગ – ૪ના કર્મચારીઓ માટે સંદર્ભ –૧ ના ઠરાવથી સુધારેલ યોજના અમલમાં મુકેલ છે.

આ યોજના બિનસરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ–૩ અને વર્ગ– ૪ના બિન શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નકકી કરાયેલા નીતિનો શિક્ષણ વિભાગ ધ્વારા સંદર્ભ – ૨માં દર્શાવેલ ઠરાવથી લાગુ પાડેલ છે.શિક્ષણ વિભાગના સંદર્ભ –૩ ના તા.૪/૧૦/૨૦૦૫ ના ઠરાવની સૂચનાઓ રદ કરીને ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર બિનસરકારી (ગ્રાન્ટેડ)માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ– ૩ અને વર્ગ– ૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણુંક આપવાને બદલે સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ તેમજ શિક્ષણ વિભાગના તા.૨/૧/૨૦૧૨ના ઠરાવથી નકકી થયેલ ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે ની નીતિ નકકી થયેલ છે.

**અવસાન પામનાર કર્મચારીના આશ્રિતને ઉચ્ચક નાણાકીય સહાય યોજનાના અમલીકરણ બાબત નીચે ની વિગતો ધ્યાને લેવાની રહી છે.**

૧. ચાલુ નોકરી દરમ્યાન બિનસરકારી(ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ–૩ અને વર્ગ– ૪ના કર્મચારી અવસાન પામે તેના ૧૫ દિવસમાં જરૂરી આધારો સાથેની નિયત ચેકલીસ્ટમાં તમામ આધારો સાથે તૈયાર કરી એક નકલમાં કમિશનર કચેરીને મંજુરી અર્થે

રજુકરવાની રહેશે. અને અત્રેથી મંજુરી મળેથી ચુકવણી અંગેની કામગીરી સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ કરવાની રહેશે.

૨. યોજનાના અમલીકરણ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ યોજના હેઠળ કરવાની થતી તમામ કાર્યવાહી સમય– મર્યાદામાં થાય તેવી વ્યવસ્થા તેમણે ગોઠવવાની રહેશે.

૩. નાણા વિભાગે વર્ષ ૨૦૧૨–૧૩ માટે"OH 5000 - other Charges" હેઠળ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા મંજુરી આપેલ છે.

ઉકત રકમની ચૂકવણી સ્વ.કર્મચારીના પગાર ભથ્થા અવસાન તારીખ સુધી જે પેટાસદર હેઠળ ઉધારવામાં આવતા હોય તે કચેરીના તેજ પેટાસદર હેઠળ વિગતવાર સદર–૫૦૦૦– બીજું ખર્ચ હેઠળ જે તે કચેરીએ ઉધારવાનો રહેશે.

૪. યોજના અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવ અને શિક્ષણ વિભાગના તા.૨/૧/૨૦૧૨ના ઠરાવમાં થયેલ પાત્રતા તથા ચુકવણી અંગેની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.અને તેની ખાતરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ કરવાની રહેશે.

૫. આ અંગેની તમામ વિગતો દર્શાવતું રજીસ્ટર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ નિભાવવાનું રહેશે અને સમયાંતરે ખરાઈ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહશે.

૬. યોજનાનો લાભ સરકારશ્રી ના નીતિ નિયમોને ધ્યાને લઈ યોજના નો લાભ સ્વર્ગસ્થશ્રીના આશ્રિતને આપવા અંગેની સૂચનાઓ જેતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તેના જિલ્લાની તમામ બિનસરકારી(ગ્રાન્ટેડ)માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવાની રહેશે.

**બિડાણ :– ઉપર મુજબ નિયત ચેકલીસ્ટ ,પત્રક**

**(ઈ.પી.દેસાઈ)**
**સંયુકત શિક્ષણ નિયામક,**
**માધ્યમિક,**
**ગુ.રા.ગાંધીનગર.**

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

# સા.વ.વિ. ના ઠરાવ ક્રમાંકઃ રહમ–૧૦૨૦૦૯–૧૬૫૧–ક,તા.૫/૭/૨૦૧૧ નું
# ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | આધારો | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજદારનુ પુરૂનામ અને સરનામુ | | |
| ૨ | સ્વર્ગસ્થ કર્મચારી નું પુરૂનામ અને હોદ્દો | | |
| ૩ | શાળાનું નામ,<br>શાળાનો પ્રકાર ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ / સરકારી | | |
| ૪ | અવસાન ની તારીખ મરણનું પ્રમાણ પત્ર | | |
| ૫ | સ્વર્ગસ્થ કર્મચારી ની જન્મ તારીખ, | | |
| ૬ | સ્વર્ગસ્થ કર્મચારી નોકરીમાં જોડાયા તારીખ તેમનો આધાર<br>નિમણૂંક હુકમ/ સેવાપોથી ના આ અંગેના આધાર પ્રમાણીત નકલમાં | | |
| ૭ | સ્વર્ગસ્થ કર્મચારી ની પુરા પગારમાં નિમણુંક થયેલ છે કે કેમ? જો હા તો કઈ તારીખ | | |
| ૮ | સ્વર્ગસ્થ કર્મચારી એ કરેલ નોકરી<br>વર્ષ માસ દિવસ | | |
| ૯ | સ્વર્ગસ્થ ના અવસાન બાદ કેટલી નોકરી બાકી<br>વર્ષ માસ દિવસ | | |
| ૧૦ | સ્વર્ગસ્થશ્રી ની ભરતી માન્ય ભરતી પ્રક્રિયા મુજબ થયા અંગે નું આચાર્યશ્રી નું જિલ્લા શિક્ષણાધિકારી ની પ્રતિ હસ્તાક્ષર વાળુ પ્રમાણ પત્ર | | |
| ૧૧ | સ્વર્ગસ્થ કર્મચારી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ છે તે અંગેનું આચાર્યશ્રી નું પ્રમાણ પત્ર | | |
| ૧૨ | સ્વર્ગસ્થશ્રી નો જી.પી.એફ./ઈ.પી.એફ.નંબર | | |
| ૧૩ | સ્વર્ગસ્થશ્રીનો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો એમ્પ્લોઈ નંબર | | |
| ૧૪ | સ્વ. કુટુંબનું પેઢીનામું રજૂકરવુ | | |
| ૧૫ | સ્વર્ગસ્થની માન્ય ભરતી પ્રક્રિયા ( પુરા પગારમાં સમાવ્યા તારીખ થી પસદગી પામ્યાની નોકરી નો ગાળો<br>(૧) ૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી છે? તો કેટલા વર્ષ બાકી છે<br>(૨) ૨૦ વર્ષથી ઓછી સેવા બાકી છે? જો હા તો કેટલા વર્ષ બાકી છે.<br>(૩) ૧૦ વર્ષ થી ઓછી સેવા બાકી છે ? જો હા તો કેટલા વર્ષ બાકી છે. | | |
| ૧૬ | ક્રમ – ૧૫ મુજબ મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો વર્ષ છે,<br>જે ધ્યાને લેતાં આશ્રિત ને ચૂકવવા પાત્ર રકમ રૂા. | | |
| ૧૭ | સ્વ. સાથેનો આશ્રિત નો સંબંધ | | |

| ક્રમ | વિગત | આધારો | પાન નંબર |
|---|---|---|---|
| ૧૮ | અરજદાર પુત્ર કે પુત્રી હોય તો તે અપરણિત હોવા અંગેનું<br>સોગંદનામું. | | |
| ૧૯ | જો આશ્રિત દતક હોયતો હિન્દુ એડપ્ત એકટ ૧૯૫૬ હેઠળ દતક નિધાન કરી કાયદેસર દતક લીધેલ સંતાન નો આધાર | | |
| ૨૦ | સ્વર્ગસ્થ કર્મચારી ના પતિ/પત્નિ ઠરાવની શરત નં.(૫) મુજબની કઈ સંસ્થામાં ફરજ બજાવે છે ?જો ના તો તે મતલબનું સોગંદનામું રજુકરવું | | |
| ૨૧ | સ્વર્ગસ્થના કુટુંબના જે સભ્ય એ આયોજના હેઠળ નાણાકીય<br>સહાય ચૂકવવાની માંગણી કરેલ છે ?તેઓને કુટુંબ પેન્શન માટે પાત્ર ગણવામાં આવેલ છે? હા / ના | | |
| ૨૨ | આ દરખાસ્ત તા.૫/૭/૨૦૧૧ પછી છે કે પહેલાની જો પહેલાની પડતર અરજી હોયતો પડતર રહેલ છે તેનો આધાર | | |
| ૨૩ | આ દરખાસ્તમાં તા.૫/૭/૨૦૧૧ પહેલા ખાતાના વડા / શિક્ષણ વિભાગ ઘ્વારા નિર્ણય થયેલ નથી.તે અંગેનું જિ.શિ.અધિ.નું બાહેધરી પત્રક | | |
| ૨૪ | આયોજના હેઠળ આશ્રિતને નાણાકીય સહાય ચૂકવવા માટે શાળાના આચાર્ય/સંચાલક નું ભલામણ અંગે નું પ્રમાણપત્ર | | |
| ૨૫ | સમગ્ર દરખાસ્તની તા.૫/૭/૨૦૧૧ ના ઠરાવ મુજબ ચકાસણી કર્યાબાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નો આ નાણાકીય લાભ ચૂકવવા અંગેનો સ્પષ્ટ અભિપ્રાય | | |
| ૨૬ | અરજદાર સિવાય સ્વ.નાં અન્ય આશ્રિતોનું રૂા.૨૦/– નાં સ્ટેમ્પ પેપર ઉપર ઉચ્ચક નાણાકીય લાભો ચુકવવા કોઈ પણજાતનો વાંધો નથી તે અંગેનું સોગંધનામું રજૂકરવુ | | |

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની**
**સહી તથા સિકકો.**

# પ્રમાણપત્ર

"આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આચાર્ય શ્રી...............................................ધ્વારા શ્રી...............................ની અરજી તેના સાધનિક કાગળો સાથે મળેલ છે. તેની તમામ વિગતો ચકાસવામાં આવેલ છે અને તે બરાબર જણાયેલ છે તેથી શ્રી........................ને રૂા..................સરકારશ્રી ના સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ રહમ–૧૦૨૦૦૯–૧૬૫૧ –ક અને શિક્ષણ વિભાગના તા.૨/૧/૨૦૧૨ ના ઠરાવની જોગવાઈઓ અન્વયે ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ – ( ) ના કર્મચારીઓના આશ્રિત કુટુંબમાં શ્રી............................. ને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા ભલામણ કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની
સહી તથા સિકકો.

સ્થળ :–............
તારીખઃ–............

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ –૩ અને વર્ગ – ૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે.

---

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે......................... શાળામાં ફરજ બજાવતા વર્ગ – ( ) સ્વ.શ્રી ...................... નું ચાલુ નોકરી દરમ્યાન તા..........ના રોજ અવસાન થતાં સ્વર્ગસ્થના આશ્રિત શ્રી ............................................ ને ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા કર્મચારીઓના આશ્રિત કુટુંબ ને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે દરખાસ્ત રજુ કરેલ છે.સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃરહમ–૧૦૨૦૦૯–૧૬૫૧–ક તા.૫/૭/૨૦૧૧ તથા શિક્ષણ વિભાગના તા.૨/૧/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ બમશ–૧૦૧૧–૧૪૧૮– ગ અન્વયે અમલમાં આવેલ જોગવાઈને આધિન રજુ કરેલ ચેકલીસ્ટ પ્રમાણે આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અરજદાર સ્વ.શ્રીના કુટુંબના શ્રી.........................................ને માંગણી મુજબ રૂા............. ( અંકે રૂપિયા...................................) ચુકવવા આથી ભલામણ કરવામાં આવે છે.

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની**
**સહી તથા સિકકો.**

**સ્થળ** :–............
**તારીખઃ**–............

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના તા.૫/૭/૨૦૧૧ ના ઠરાવની મળેલ સુચના મુજબ આપવાનું પ્રમાણપ્રત્ર.

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આચાર્ય શ્રી..................................................ધ્વારા સ્વ.શ્રી.................................. નું ચાલુ નોકરી દરમ્યાન તા.................... ના રોજ અવસાન પામતા વર્ગ–૩ ( ) અને વર્ગ–૪( )ના કર્મચારીના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે ના આ કેસમા અગાઉની રહેમરાહે નિમણુંક આપવાની યોજનામાં શિક્ષણ વિભાગ ધ્વારા અને કમિશનર શાળા ઓની કચેરી ધ્વારા/સક્ષમ સત્તાધિકારી ધ્વારા આ કેસમા અગાઉ નિર્ણય કરવામાં આવેલ નથી.જે અંગેની બાબતો સદર ગ્રાન્ટ લેતી સંસ્થાના રેકર્ડ સાથે તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના રેકર્ડ સાથે ચકાસણી કરીને આ પ્રમાણ પત્ર આપવામાં આવે છે.

સ્થળ :–...........
તારીખ:–...........

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની**
**સહી તથા સિકકો.**

# —: સંસ્થાએ આપવાનું બાંહેધરી પ્રમાણપત્ર :—

**સંસ્થાનું નામ :— ....................**

**અરજદારનું નામ :— ....................**

(૧) સ્વ.શ્રી.......................................................આ ...................................સંસ્થામાં..........ની જગ્યા ઉપર નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિમાયેલ હતા.તેમની જન્મ તારીખ........ છે તેમણે તા.........થી તા..........સુધી કુલ દિવસ....માસ....વર્ષ.... ની નોકરી કરેલ છે. જે ૫ વર્ષથી વધારે છે,અને ચાલું નોકરીએ તા........ અવસાન પામેલ છે. તેમની દિવસ.... માસ....વર્ષ....ની નોકરી બાકી હતી.

(૨) તેમના વારસદાર શ્રી....................એ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ – ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અંગે સા.વ.વિ.ના તા.૫/૭/૨૦૧૧ ના ઠરાવ મુજબ માંગણી કરેલ છે.ઉપરોક્ત જોગવાઈ મુજબ રૂા.............. ની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા ભલામણ કરવામાં આવે છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ ના ઠરાવના ફકરા– ૩(૩) વિગતે સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને કુટુંબ પેન્શન મંજુર થવા પાત્ર છે જે અંગેની ખરાઈ કરેલ છે.

**પ્રંમુખ/મંત્રી**
**કેળવણી મંડળનુ**
**નામ પુરુ સરનામ**

**આચાર્યના**
**સહી સિકકા**

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની**
**સહી તથા સિકકો.**